ગુજરાતમિત્ર
નવસારી-વલસાડ-વાપી
નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫
મંગળવાર ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬


## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની કોલેજમાં ફ્રેશર્સ પાર્ટી યોજાઈ



વાપી : વાપીની આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે કનુ દેસાઈ VIA હોલમાં ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે VIAના પ્રમુખ સતીશ પટેલ, ઉપપ્રમુખ મગન સાવલિયા, સેક્રેટરી કલ્પેશ વોરા તથા એક્ઝિક્યુટિવ કમિટી સભ્ય સંજય દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. કલ્પેશ વોરાએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, ડ્રામા અને સિંગિંગની વિવિધ સાંસ્કૃતિક રજૂઆતો કરવામાં આવી હતી. સાથે જ CR, LR તથા GS અને JSની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત Mr. Fresher અને Ms. Fresherની પસંદગી પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

### વાપીની સ્કૂલના વિદ્યાર્થીઓનું જુડો અને ચેસ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન



વાપી : વાપીની શ્રી.એલ.જી હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓએ 70મી SGFI જિલ્લા કક્ષાની જુડો અને ચેસ સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. જેમાં જુડો - હરિયાની શાન, અંડર-19 વિદ્યાર્થીઓમાં ધોરણ 12ના માસ્ટર ભોમિત શર્માએ ગોલ્ડ મેડલ જીતીને, અંડર-19 વિદ્યાર્થિનીઓમાં ધોરણ 12 ની દીપા ચૌરસિયાએ ગોલ્ડ મેડલ જીતીને અને અંડર-17 વિદ્યાર્થિની ધોરણ 12 ની કીરત કૌરે ગોલ્ડ મેડલ જીતીને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી મેળવી છે. અંડર-14 વિદ્યાર્થિની ધોરણ 8 ની સગુન સિંહે સિલ્વર મેડલ જીત્યો છે. અંડર-19 વિદ્યાર્થિની ધોરણ 12ની સોનમ શર્મા અને ચેશા વશીએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા હતા. ચેસ-વ્યૂહરચનાના માસ્ટર્સ ધોરણ 12ના માસ્ટર સ્નેહલ ત્રિપાઠી અને માસ્ટર શ્યામ નિષાદની રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ છે. તમામ ખેલાડીઓને શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ.કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્યા બીજ્ઞી પોલે આશીર્વાદ પાઠવ્યા હતાં.

### ધરમપુરના દસોંદી ફળિયામાં મકાન ધરાશાયી




ધરમપુર : ધરમપુર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા સતત ભારે વરસાદના કારણે દસોંદી ફળિયા વિસ્તારમાં આવેલું એક કાચું મકાન અચાનક ધરાશાયી થયું હતું. સદનસીબે ઘટનાના સમયે પરિવારના સભ્યો સમયસર બહાર નીકળી જતા કોઈ જાનહાનિ કે ઇજા થઈ નહોતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક તંત્ર, તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. અસરગ્રસ્ત પરિવારની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમને ધરમપુર નગરપાલિકા સંચાલિત સત્સંગ હોલમાં તાત્કાલિક રહેવાની વ્યવસ્થા સાથે સ્થળાંતર કરવામાં આવ્યા છે.

### બીલીમોરામાં ઈદે મિલાદ પર્વને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ




બીલીમોરા : આગામી ઈદે મિલાદ પર્વ શાંતિપૂર્ણ અને કોમી એખલાસભર્યા વાતાવરણમાં ઉજવાય તે હેતુથી બીલીમોરામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બીલીમોરા પોલીસ સ્ટેશન ખાતે ડીવાયએસપી ભગીરથસિંહ ગોહિલના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં પોલીસ અધિકારીઓ સહિત હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં બીલીમોરાના પીઆઈ એ.એમ. સરવૈયા, પીઆઈ સોલંકી સહિત અધિકારીઓ હાજર રહ્યા હતા. ઉપરાંત બીલીમોરા, વાઘરેચ અને દેસરા વિસ્તારના આગેવાનો તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આગામી ઈદે મિલાદ પર્વ નિમિત્તે યોજાનારા વિવિધ કાર્યક્રમો શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને અપ્રિય ઘટના ન બને તે અંગે પોલીસ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠકમાં બીલીમોરા પાલિકા પ્રમુખ મનીષ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નીરવ ટેલર, આશુસિંગ લાબના (પીચીભાઈ), હનીફભાઈ મેમણ, જાવેદ મેમણ, દિલાવર પઠાણ, મલંગ કોલીયા, મુન્ના દમણિયા, એડવોકેટ પંકજ મોદી, કનૈયાલાલ વર્મા સહિત હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ચીખલીના વાંઝણાની વિદ્યાલયની વિદ્યાર્થિનીઓને ટ્રેક શૂટનું વિતરણ




ઘેજ : ચીખલી તાલુકાના વાંઝણા ગામ સ્થિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (છાત્રાલય) ની પચાસ જેટલી વિદ્યાર્થિનીઓને ગામના અને હાલ યુ કે રહેવાસી નિશીથભાઈ રમેશભાઈ પટેલ દ્વારા ટ્રેક શૂટ સુમનભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવતા વિદ્યાર્થિનીઓમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી હતી. ગામના સુમનભાઈ સહિતના સામાજિક આગેવાનો દ્વારા નિશીથભાઈની સેવા ભાવનાને બિરદાવી હતી.

### દમણના નમોપથ પર મોનસૂન ફેસ્ટિવલ બાદ સર્જાયો અકસ્માત, બેને ઈજા



દમણ : સંઘપ્રદેશ દમણના નમોપથ પર રવિવારની મોડી રાત્રે મોનસૂન ફેસ્ટિવલ પૂર્ણ થયા બાદ નયા ભારત સર્કલ પાસે અકસ્માત સર્જાયો હતો. ડાભેલમાં રહેતા 2 મિત્રો એક્ટિવા મોપેડ નંબર DD-03-03876 અને સ્પ્લેન્ડર બાઈક નંબર GJ-15-ED-0961 પર સવાર થઈને કાર્યક્રમ નિહાળવા આવ્યા હતા. જે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પરત ઘરે જતી વખતે રાત્રે એક રાહદારી રસ્તો ક્રોસ કરી રહ્યો હતો તે અડફેટે આવી જવાની આશંકાએ સ્પ્લેન્ડર ચાલકે કાબુ ગુમાવતા તે રસ્તા પર બાઈક સાથે ફસડાઈ ગયો હતો. આ તરફ એક્ટિવા ચાલક મિત્ર પણ ગભરાઈ જતાં તે પૂરપાટ ઝડપે સામેથી આવી રહેલી એક હ્યૂન્ડાઈ ઓરા કાર નંબર DD-01-G-3198મા ઘૂસી જતાં કારનો એક સાઈટના ભાગનો ખૂરદો બોલાઈ ગયો હતો. આ ઘટનામાં રાહદારી સહિત બાઈક અને મોપેડચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. બનાવની જાણ કડૈયા પોલીસને થતાં પોલીસે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. જો કે, અકસ્માત અંગે કોઈ ફરિયાદ પોલીસ મથકે ન નોંધાતા આ મામલે કોઈપણ પ્રકારનો ગુનો દાખલ થવા પામ્યો નથી.

---

**જિલ્લામાં હોટેલ, ડેરી તથા ખાદ્ય સામગ્રી વેચતા વેપારીઓ સામે સઘન ચેકિંગ ઝુંબેશ**

# વલસાડમાં ૭ પેઢીને આરોગ્યની નોટિસ

**ખાદ્ય** પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા મુદ્દે કડક તપાસ

**નિયમોનું** ઉલ્લંઘન જણાશે તો કડક કાર્યવાહી હાથ ધરાશે



વલસાડ : વલસાડ જિલ્લામાં ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટ દ્વારા હોટેલ, ડેરી તથા ખાદ્ય સામગ્રી વેચતા વેપારીઓ સામે ચેકિંગ ઝુંબેશ હાથ ધરાયું છે. વિભાગે હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબા, સ્વીટ એન્ડ ફરસાણ અને ફાસ્ટ ફૂડની પેઢીઓમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા, પીવાના પાણીની ગુણવત્તા, સ્ટોરેજ વ્યવસ્થા, પેકેજિંગ મટિરિયલ, ફૂડ હેન્ડલર્સના મેડિકલ સર્ટિફિકેટ અને FoSTaC તાલીમ સહિતની ચકાસણી કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન કેટલીક પેઢીઓમાં જરૂરી દસ્તાવેજોનો અભાવ, પાણી તથા પ્રોડક્ટના ટેસ્ટ રિપોર્ટ ન હોવા, સ્ટોરેજ રેકમાં કાટ લાગેલો હોવો, પેકેજિંગ મટિરિયલનો NABL રિપોર્ટ ન હોવા તેમજ ફૂડ હેન્ડલર્સના તબીબી અને તાલીમ પ્રમાણપત્રો ઉપલબ્ધ ન હોવા જેવી ગંભીર ક્ષતિઓ જોવા મળી હતી. આ અનિયમિતતાઓને લઈને નીચે મુજબની પેઢીઓને કાયદા મુજબ Improvement Notice આપવામાં આવી છે અને જરૂરી સુધારાત્મક પગલાં લેવા તાકીદ કરાઈ છે.

### નોટિસ પાઠવાયેલી પેઢીઓ

- સર્વેત્તમ ફાસ્ટ ફુડ (ધરમપુર)
- નીલકંઠ એન્ટરપ્રાઇઝ (રાજ મહલ રોડ, ધરમપુર)
- પુરોહિત રાજસ્થાન ઢાબા (વાંગણ ફળિયા, માંડવા)
- રાજસ્થાની ઢાબા (વાંગણ ફળિયા, માંડવા)
- ગિરીરાજ કાઠિયાવાડી ભોજનાલય (દેસાઈ વેબ્રિજ પાસે, ઓરવાડ-ઉદવાડા)
- કુંદન કા ઢાબા - રાધે રાધે ઢાબા (નેશનલ હાઈવે નં-૮, એચ.પી. પેટ્રોલ પંપ પાસે, તીઘરા)
- યુવીસ ફુડ્સ - કાફ બીટ્સ રેસ્ટોરન્ટ લાઉન્જ (ખડકી, તા. પારડી)
- જય જોગણીયા સ્વીટ એન્ડ ફરસાણ માર્ટ (બસ સ્ટેન્ડ, ધરમપુર)

### મોટાપોંઢા, નાનાપોંઢા, કપરાડા, સુથારપાડાની હોટલો-ધાબાઓમાં તપાસ જરૂરી

નાનાપોઢા, મોટાપોંઢા, કપરાડા, સુથારપાડા વિસ્તારોમાં આવેલી સંખ્યાબંધ હોટલો, ધાબાઓની પણ આકસ્મિક ચેકિંગની માંગણી લોકો કરી રહ્યા છે. તો સાથે કપરાડા ઉપરાંત કપરાડા, નાશીક માર્ગ ઉપર પણ અનેક હોટલ ધાબાઓ છે, જેની પણ તપાસ આવશ્યક છે.

### આરોગ્ય સાથે કોઈ બાંધછોડ નહીં: ડેઝિગ્નેટેડ ઓફિસર

ફૂડ વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસર આશિષ વળવીએ સ્પષ્ટ કર્યું છે કે નાગરિકોના આરોગ્ય અને સલામતી સાથે ક્યારેય કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. ખાદ્ય વ્યવસાય સાથે સંકળાયેલા તમામ વેપારીઓએ સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા તથા કાયદાકીય નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. વલસાડ જિલ્લામાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી પેઢીઓની તપાસની આ કામગીરી આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે અને નિયમોનું ઉલ્લંઘન જણાશે તો કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---

**દ.ગુ.ના ગરીબ રોકાણકારોના કરોડો ફસાવનાર ગ્રુપનો વિવાદ**

## રૂપિયા ૧૧૫ કરોડની વસૂલાત માટે સુપ્રીમ કોર્ટમાં પિટિશન

**નાનાપોંઢા** ડેરી ઉદ્યોગના નામે આચરવામાં આવી હતી છેતરપિંડી

વલસાડ : દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રના ગરીબ અને મધ્યમવર્ગીય રોકાણકારોના કરોડો રૂપિયા ફસાવનાર માતૃભૂમિ ગ્રુપ ઓફ કંપનીનો વિવાદ ફરી સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે. કોર્ટમાં અગાઉ જામીન મેળવ્યા બાદ રોકાણકારોના નાણાં પરત ન કરાતા ડિરેક્ટરોના જામીન રદ થયા હતાં. હવે રૂપિયા 115 કરોડની વસૂલાત માટે ગુજરાત અને મહારાષ્ટ્રના રોકાણકારોએ સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરી છે.

આ પિટિશન નીતિન રામચંદ્ર પાટીલ (રહે. દહાણુ), ઈશ્વર ભોયા (રહે. વલસાડ), શૈલેષ પટેલ (રહે. વલસાડ), મહેન્દ્ર પાઢેર, અનિલ માવચી, નિખિલ ગાવિંત, જીતેન વસાવે અને રાજુ પાડવી સહિતના કરી છે. પિટિશન બાદ ધરમપુરમાં રોકાણકારોની બેઠક મળી હતી, જેમાં રોકાણકારો અને એજન્ટો ઉપસ્થિત રહ્યા હતાં.

નાનાપોંઢામાં ડેરી ઉદ્યોગ શરૂ કરીને માતૃભૂમિ ગ્રુપ દ્વારા મોટી યોજનાઓની વાતો કરવામાં આવી હતી. રિયલટેક ડેવલપમેન્ટ લિ. કંપનીમાં રોકાણ કરવાથી સારા વળતરની લાલચ આપી ગરીબ અને મધ્યમવર્ગીય લોકો પાસેથી અંદાજે રૂપિયા 100 કરોડ જેટલી રકમ એકત્ર કરવામાં આવી હોવાના આક્ષેપો થયા હતાં. જોકે, રોકાણની મુદત પૂર્ણ થયા બાદ નાણાં પરત ન મળતા રોકાણકારોમાં ભારે રોષ ફેલાયો હતો.

આ મામલે કંપનીના ડિરેક્ટરો સામે ફરિયાદો નોંધાતા તેઓ જેલમાં ગયા હતા. ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાંથી જામીન મેળવવા દરમિયાન ડિરેક્ટરોએ પોતાની પાસે કરોડોની સંપત્તિ હોવાનું દર્શાવતું એફિડેવિટ રજૂ કર્યું હતું અને રોકાણકારોના નાણાં પરત કરવાની ખાતરી આપી હતી. જોકે, જામીન પર મુક્ત થયા બાદ પણ વાયદા મુજબ ચૂકવણી ન થતાં અંતે તેમના જામીન રદ કરવામાં આવ્યા હતા.

### કંપનીના ફરાર ડિરેક્ટરની ધરપકડની માગ

સુપ્રીમ કોર્ટમાં જામીન મેળવનાર પ્રદીપ ગર્ગ, વિનોદ વજીરભાઈ પટેલ અને સંજય હેમંતભાઈ બિશ્વાસ પાસેથી રોકાણકારોનું અંદાજે રૂપિયા 115 કરોડનું ધિરાણ વસૂલવાનું બાકી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હવે આ રકમની વસૂલાત અને ન્યાય માટે રોકાણકારોએ ફરી સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. જેમાં તેમણે માતૃભૂમિ ગ્રુપ ઓફ કંપનીનો ડિરેક્ટર મિલિન્દ જાદવ શરૂઆતથી જ ફરાર હોય વહેલી તકે ધરપકડ કરવાની પણ માંગ ઉઠાવી છે.

---

## ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ બેંકની સાધારણ સભા યોજાઈ

**સાયબર** ફ્રોડ સામે સાવચેતી રાખવા અને ખેડૂતો ૦% વ્યાજની કે.સી.સી. સગવડ વ્યાપ વધારવા અનુરોધ કરાયો




વલસાડ : ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ.ની ૬૧મી વાર્ષિક સાધારણ સભા આજે યોજાતા બેંકનાં ચેરમેન અરવિંદભાઈ પટેલે નાના-નાના ખેડૂતોને લોભામણી લાલચ આપી ફ્રોડનાં કિસ્સામાં સંડોવાતા ખેડૂતોને સાયબર ફ્રોડ સામે સાવચેતી રાખવાની વાત કરી હતી. આ સાથે તેમણે ખેડૂતો અને પશુપાલકો માટે 0% વ્યાજનાં દરની કે.સી.સી. ધિરાણની સુવિધાનો મહત્તમ લાભ મેળવી ખેડૂતો અને પશુપાલકોને સમયસર વસુલાતની રકમ ભરપાઈ કરી વ્યાજનાં ભારણમાંથી મુક્ત થવા અનુરોધ કર્યો હતો.

બેંકની વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન અરવિંદ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ૨૪X૭ નાણાંકીય લેવડ માટે ૭૩૩ માઈક્રો ATM જી.એસ.સી. આપવામાં આવ્યાં છે. આ સાથે તેમની બેંકની સભાસદ મંડળીઓને ૧૨% ડિવિડન્ડ આપવાની જાહેરાતને સભાસદોએ તાળીઓનાં ગડગડાટથી વધાવી લીધી હતી.

વાર્ષિક સાધારણ સભાનાં એજન્ડા મુજબની કામગીરી શરૂ થતાં બેંકના વાઈસ ચેરમેન ગોવિંદભાઈ પટેલ, ડિરેકટર્સ મગનભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, મંગળભાઈ ગાંવિત, કિશોરભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, પૃથ્વીરાજ મહેતા, વનમાળીભાઈ બારીયા, પરિમલભાઈ પટેલ, રઘુભાઈ ગાંવિત, જીવણભાઈ ગામીત, જશવંતસિંહ ઠાકોર, અંબેલાલભાઈ પટેલ સહિતનાં પદાધિકારીઓએ એજન્ડાની કામગીરીમાં ભાગ લઈ દરખાસ્ત ટેકો રજુ કર્યા હતાં. બેંકનાં ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર લાલજીભાઈ એસ.પટેલે જણાવ્યું હતું કે સભાસદોનાં સહકારથી રૂપિયા ૭ કરોડનો નફો આપણે મેળવી શક્યા છીએ. આભારવિધિ બેંકનાં ડિરેક્ટર કિશોરભાઈ પટેલે કરી હતી. સમગ્ર સાધારણ સભાનું આયોજન બેંકનાં લોન મેનેજર મુકેશકુમાર વી.પાનવાલાએ કર્યું હતું. સાધારણ સભાને સફળ બનાવવા બેંકના એ.જી.એમ. ઉદયકુમાર જી.પટેલ, મેનેજર હિતેશ વ્યાસ, નિલેશ પટેલ, રાકેશ પટેલ, દિનેશ પટેલ સહિતનાં બેંકનાં તમામ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

---



## દમણમાં મોન્સૂન ફેસ્ટિવલ સહેલાણીઓ ઉમટી પડયા

દમણ : સંઘપ્રદેશ દમણ મોનસૂન ફેસ્ટિવલ અંતર્ગત રવિવારે કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રશાસક પ્રફુલ પટેલે તેમનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. નાની દમણ નમોપથ પર મોનસૂન ફેસ્ટિવલમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં દમણની સમૃદ્ધ લોકપરંપરા, લોકકલા, સંગીત અને નૃત્યની રંગછટાઓ રજૂ કરવામાં આવી હતી. સાંસ્કૃતિક ઝાંખીને રાજ્યપાલ આનંદી પટેલે નિહાળી ભાવવિભોર થયા હતા. આ પ્રસંગે દમણની સહેલગાહે આવેલા સહેલાણીઓએ મોનસૂન ફેસ્ટિવલને માણ્યો હતો. દમણમાં 22 ઓગસ્ટથી 30 ઓગસ્ટ સુધી મોનસૂન ફેસ્ટિવલ-2026નું આયોજન કરવામાં આવ્યું છે. સંઘપ્રદેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરવા સાથે લોકકલા, સંગીત, નૃત્ય અને પર્યટનને પ્રોત્સાહન આપવા આયોજન કરાયું છે.

---

**સરપંચ બાદ ડેપ્યુટીને ચાર્જ સોંપાતા તેની સામે પણ ફરિયાદો ઉઠી હતી**

## અતુલ ગ્રામ પંચાયતમાં વિકાસ કામોના ચૂકવણાંનો વિવાદ વકર્યો

**TDO** દ્વારા રકમ પરત જમા કરાવવા આદેશ

વલસાડ : વલસાડ તાલુકાની અતુલ ગ્રામ પંચાયતમાં વિકાસકામોના બિલોના ચૂકવણાં મામલે વિવાદ ઊભો થયો છે. પંચાયતમાં વિકાસકામોના નાણાં ચૂકવવા અંગે સ્પષ્ટ મનાઈ ફરમાવવામાં આવી હોવા છતાં, લાખો રૂપિયાનું ચૂકવણું કરી દેવામાં આવતા વલસાડ તાલુકા વિકાસ અધિકારી આર.બી. ધનગરે ચૂકવાયેલી રકમ પંચાયતમાં પરત જમા કરાવવાનો આદેશ આપ્યો છે.

અગાઉ અતુલ ગ્રામ પંચાયતના સરપંચ વિક્રમભાઈ નાયકાને સસ્પેન્ડ કર્યા બાદ ડેપ્યુટી સરપંચ દર્શિલ દેસાઈને સરપંચનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો, અને બાદમાં તેમની સામે પણ ફરિયાદો ઉઠી હતી. આ સમયગાળા દરમિયાન વિકાસકામોના બિલોના ચેકો ચૂકવી દેવાયા હોવાની ફરિયાદ તત્કાલીન TDO સમક્ષ કરવામાં આવી હતી.

ફરિયાદને પગલે TDO દ્વારા અતુલ ગ્રામ પંચાયતને તપાસ પૂર્ણ ન થાય અને સક્ષમ કચેરીની સૂચના ન મળે ત્યાં સુધી કોઈપણ બિલ ચૂકવવા પર સ્પષ્ટ પ્રતિબંધ મૂક્યો હતો. આ સમયગાળા દરમિયાન માત્ર કર્મચારીઓના પગાર, વીજળીના બિલ તથા નાની કન્ટીજન્સી જેવી અતિઆવશ્યક ચૂકવણીઓ જ કરવાની સૂચના હતી. તેમ છતાં વિકાસકામો માટે નાણાં ચૂકવાઈ જતાં તંત્ર હરકતમાં આવ્યું છે.

TDO આર.બી. ધનગરે ચાર્જ સંભાળ્યા દરમિયાન નિયમ વિરુદ્ધ થયેલા તમામ વિકાસકામોના ચૂકવણાંની રકમ પંચાયતમાં પરત જમા કરાવવા આદેશ કર્યો છે અને તપાસ બાદ કાયદેસરની કાર્યવાહીની ચીમકી ઉચ્ચારી છે. જોકે, આદેશ છતાં રકમ પરત ન જમા થવાની ચર્ચા વચ્ચે ગ્રામ પંચાયતના સભ્યો હવે આ મામલે જિલ્લા વિકાસ અધિકારી (DDO) સમક્ષ લેખિત ફરિયાદ કરવાની તૈયારીમાં છે, જેને પગલે પંચાયતનું રાજકારણ ગરમાયું છે.

### ઇહધર પાસે ડુંગર ધસી પડતા વાહનવ્યવહાર પ્રભાવિત થયો

વલસાડ : ગુજરાત અને મહારાષ્ટ્રને જોડતા માર્ગ ઈહધર પાસે ડુંગર ધસી પડતાં રસ્તો બંધ થઈ ગયો હતો. જેને લઈ વાહનચાલકો અટવાઈ ગયા હતા. બોર્ડર વિસ્તારમાં ભારે વરસાદ બાદ ડુંગર ધસી પડવાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. રવિવારે મોડી રાત્રે વડોલી જિલ્લા પંચાયત વિસ્તારમાં ગુજરાત અને મહારાષ્ટ્રને જોડતા મુખ્ય માર્ગ ઈહધર પાસે અચાનક ડુંગર ધસી પડતાં રસ્તો બંધ થઈ ગયો હતો. જોકે સરહદી વિસ્તાર હોય તંત્ર ત્વરિત આવી શકે તેમ ન હોય જિલ્લા ભાજપ યુવા મોરચા અગ્રણી ઈશ્વર ઉદાર અને ટીમે સ્થળ પર પહોંચી જે.સી.બી.ની મદદથી માટી તથા કાટમાળ હટાવી રસ્તો વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવ્યો હતો. જેને લઈ વાહન વ્યવહાર ફરી શરૂ થયો હતો.

---

**Public Notice of Sale**

Therefore, this public notice is hereby given to all concerned that the land with the description given below is under his joint ownership by the owner of the revenue record, **(1) Induben Naginbhai, (2) Sheetalkumar Naginbhai** and it has been decided to give the land to our clients with quiet, vacant and direct possession, stating that it is a clear marketable title. So that no other partners, heirs, individuals, institutions, societies, banks etc. have any interest in the said land. If any person has any kind of debt. claim, seizure, first seizure, second-hand, deal, contract, power of attorney, document and any kind of interest, right, share, interest in the said property, if any person has any kind of debt, they should meet in person with written evidence within 15 (fifteen) days and inform us, then our client property registrar will get the sale document done, after which no kind of dispute will arise. This is informed by this public notice. Please take a careful note of it.

**Description of property**

The following old agricultural land situated at Moje Munsad, Ta. Dist. Navsari, the details of which are as follows.

| Village | Khata No. | Block No. | Admeasuring H.A.Sq.Mt. | Assessment Rs.Ps. |
|---|---|---|---|---|
| Munsad/ Navsari/Navsari | 1290 | 946/1 | 3-94-65 | 32.97 |

ઇન્દુબેન નગીનભાઈ પટેલ

Dt.: 24-08-2026 **Dharmesh N. Mistry** (Advocate)
Office: 1st Floor, SAHAJAND Apartment, Opp ITI College, Desaiwad, Kaliyawadi - Kacchiyawadi Road, Navsari-396445

**Public Notice of Sale**

Therefore, this public notice is hereby given to all concerned that the land with the description given below is under his independent ownership by the owner of the revenue record, **Rajeshbhai Naginbhai**, and it has been decided to give the land to our clients with quiet, vacant and direct possession, stating that it is a clear marketable title. So that no other partners, heirs, individuals, institutions, societies, banks etc. have any interest in the said land. If any person has any kind of debt, claim, seizure, first seizure, second-hand, deal, contract, power of attorney, document and any kind of interest, right, share, interest in the said property, if any person has any kind of debt, they should meet in person with written evidence within 15 (fifteen) days and inform us, then our client property registrar will get the sale document done, after which no kind of dispute will arise. This is informed by this public notice. Please take a careful note of it.

**Description of property**

The following old agricultural land situated at Moje Munsad, Ta. Dist. Navsari, the details of which are as follows.

| Village | Khata No. | Block No. | Admeasuring H.A.Sq.Mt. | Assessment Rs.Ps. |
|---|---|---|---|---|
| Munsad/ Navsari/Navsari | 1291 | 946/2 | 3-71-61 | 26.53 |

Rajeshbhai Naginbhai

Dt.: 24-08-2026 **Dharmesh N. Mistry** (Advocate)
Office: 1st Floor, SAHAJAND Apartment, Opp ITI College, Desaiwad, Kaliyawadi - Kacchiyawadi Road, Navsari-396445

**Public Notice of Sale**

Therefore, this public notice is hereby given to all concerned that the land with the description given below is under his joint ownership by the owner of the revenue record, **(1) Induben Naginbhai, (2) Rajeshbhai Naginbhai, (3) Sheetalkumar Naginbhai** and it has been decided to give the land to our clients with quiet, vacant and direct possession, stating that it is a clear marketable title. So that no other partners, heirs, individuals, institutions, societies, banks etc. have any interest in the said land. If any person has any kind of debt. claim, seizure, first seizure, second-hand, deal, contract, power of attorney, document and any kind of interest, right, share, interest in the said property, if any person has any kind of debt, they should meet in person with written evidence within 15 (fifteen) days and inform us, then our client property registrar will get the sale document done, after which no kind of dispute will arise. This is informed by this public notice. Please take a careful note of it.

**Description of property**

The following old agricultural land situated at Moje Munsad, Ta. Dist. Navsari, the details of which are as follows.

| Village | Khata No. | Block No. | Admeasuring H.A.Sq.Mt. | Assessment Rs.Ps. |
|---|---|---|---|---|
| Munsad/ Navsari/Navsari | 127 | 1013 | 0-39-46 | 3.00 |

ઇન્દુબેન નગીનભાઈ પટેલ.

Dt.: 24-08-2026 **Dharmesh N. Mistry** (Advocate)
Office: 1st Floor, SAHAJAND Apartment, Opp ITI College, Desaiwad, Kaliyawadi - Kacchiyawadi Road, Navsari-396445